
**વિશ્વમાં જેટલા જીવન છે એટલી અલગ અલગ જીવનની ભાત છે, સમસ્યાઓ છે. એટલે જ આ જીવનને નિરૂપતી અગણિત વાર્તા-નવલકથા- કાવ્ય-મહાકાવ્ય રચાયાં અને એમાં અસંખ્ય લોકોને રસ પડયો. એ વાર્તા- નવલકથાનો એક પ્રકાર રહસ્યકથા છે. અને એમાં પણ જીવનનાં એવાં એવાં વૈવિધ્યમય પાસા વણાય છે કે અગણિત રહસ્યકથાઓમાં વાચકોને રસ પડે છે. જેમ કે આ કથા... સાવ સાવ ભિન્ન....**

# શું માગવાથી ઘરેણાં મળે? એ માટે તો મહેનત કરવી પડે

**આંખની સૂની અટારીએથી-1**

**રહસ્ય ચક્ર**

★ યશવંત મહેતા



ઓગસ્ટની એક ઉદાસ વરસાદી રાતને પહેલે પહોરે... માર્ગ પર ટ્રાફિક પૂરબહારમાં ચાલી રહ્યો હતો. મોટરો, સ્કૂટરોની હેડલાઈટોની આગળ વર્ષાધારાઓ નાચતી દેખાતી હતી. વાહનોનાં ભીનાં છાપરાં વીજળી-બત્તીઓના પ્રકાશમાં ચમકતાં હતાં. જો કે ફૂટપાથો પર અવરજવર ઓછી હતી. આવી ઉદાસ ભીની સાંજે ખાલી ખાલી લટાર મારવા માટે નીકળનારાઓ જવલ્લે જ હોય. જે રડયાખડયા લોકો છત્રી કે રેઈનકોટ લઈને આવતા જતા હતા એ સૌને એક જ વાતની ઉતાવળ હતી- જલદી જલદી ઘેર પહોંચવાની.

એ ઉતાવળમાં કોઈને આસપાસ ઊભેલાઓ સામે જોવાની ફૂરસદ કયાંથી હોય!

એટલે જ 'ગગનચુંબી એપાર્ટમેન્ટસ'ની સામેના ફૂટપાથ પર ઊભા રહીને સિગારેટ પીતા અને ચકળવકળ આંખો ફેરવતા આદમી તરફ કોઈનું ય ધ્યાન જતું નહોતું એ પણ એક અંધારે ખૂણે ઊભા રહીને સામેના એક ફલેટ પર નજર રાખી રહ્યો હતો.

એને કશી ઉતાવળ નહોતી. એણે જે ફલેટમાં જવાનું હતું એમાંથી એ ઘરની કામવાળી બહાર નીકળીને જતી રહે ત્યાં સુધી રાહ જોવાની હતી.

બસ, પછી લાઈન કલીઅર હતી!

થોડી જ મિનિટોમાં ત્રીજા માળના એ ફલેટની અંદર બત્તી બુઝાઈ. એ પછી વીસેક વરસની એક ઘરકામવાળી છોકરી હાથમાં થાળી તપેલી લઈને નીચે ઉતરી. હવે દોઢ-બે કલાકની નિરાંત હતી. એ છોકરી પોતાના ભાંડુઓને ખવડાવીને, વાસણ માંજીને પછી જ અહીં રાતે સૂવા માટે આવવાની હતી. મેદાન કલીઅર!

આગંતુકે હવે રસ્તો ઓળંગ્યો. એનાં પગલાંમાં જરાય ઉતાવળ નહોતી. એ ચૂપચાપ બે દાદરા ચડી ગયો. કોઈ સામે ન મળ્યું. ફલેટવાસીઓ ચડઉતર માટે લગભગ હંમેશા લિફ્ટ જ વાપરે છે.

ત્રીજા માળના નિશ્ચિત ફલેટને દરવાજે જઈને એણે મોજાવાળા હાથે હેન્ડલ ફેરવ્યું. એને એ પણ ખબર હતી કે કામવાળી પાછી ન આવે ત્યાં સુધી આ બારણે તાળું લાગતું નથી. બારણાની બાજુમાં એણે નામની તકતી વાંચીઃ 'મિસીસ સુશીલા દેસાઈ.' એ નામ પણ એને પરિચિત હતું.

એ ફલેટની અંદર દાખલ થયો. એક નાની સાંકડી ગલી પછી બેઠક ખંડ આવે છે. ફલેટની પૂરી ભૂગોળનો અભ્યાસ એણે અગાઉથી કરી લીધો હતો. અઠવાડિયા અગાઉ ઉપરના માળનો એક ખાલી ફલેટ આ ખાતર જ એ જોઈ ગયો હતો. બધા રૂમોથી એ પરિચિત હતો.

ચાલીમાં જ એક બાજુ વીજળીની મીટર બોકસ હતી. એણે ગજવામાંથી પ્લાસ્ટિકના હાથાવાળું પકડ કાઢીને ઘંડીનો વાયર કાપી નાખ્યો. એટલું કરીને એ આગળ ચાલ્યો.

બેઠકખંડમાં કે જમણી બાજુના બેડરૂમમાં કયાંય બત્તી ચાલુ નહોતી. બેડરૂમમાં એક ખુરશી પર બેઠેલી સ્ત્રીને બત્તીની જરૂર નહોતી. પણ આગંતુકને જરૂર હતી. એણે બેધડકપણે બેડરૂમની બત્તી ચાલુ કરી. ખુરશીમાં બેઠેલી સ્ત્રી તરફ એ આગળ વધ્યો.

'કોણ છે?' અણધાર્યો જ પ્રશ્ન આવ્યો. આગંતુકને ખબર નહિ કે આટલા ધીમા અવાજ પણ આ સ્ત્રી સાંભળી શકતી હશે. સવાલના અણધાર્યાપણાએ અને સત્તાવાહીપણાએ આવનારને ઘડીભર થીજવી દીધો. એને આ અવાજ પ્રત્યે રોષ હતો. એક ધનવાન સ્ત્રીનો એ અવાજ હતો. એવી સમૃદ્ધિ ભોગવનાર સ્ત્રી કે જેવી સમૃદ્ધિ પોતે કદી ભોગવી શકવાનો નહોતો.

'હું કોણ છું એ તમારે જાણવાની જરૂર નથી. બાઈ! હું શું માગું છું એ પૂછો.'

'અચ્છા, તમે શું માગવા આવ્યા છો? કઈ સંસ્થા?'

'તમારાં બધાં જ ઘરેણાં.'

'કેવી મૂરખ જેવી વાત કરો છો? શું માગવાથી કદી ઘરેણાં મળે છે. એ માટે તો મહેનત કરવી પડે છે.'

સ્ત્રીના અવાજમાં વ્યંગપૂર્ણ આત્મવિશ્વાસનો રણકો હતો. આગંતુકને એ રણકો ન ગમ્યો. માર્ગ પરની બત્તીના પ્રકાશમાં આ સ્ત્રીનો નાજુક, ખૂબસૂરત, માસૂમ ચહેરો દેખાતો હતો. આગંતુકે એ ચહેરો જોયો અને ખુરશીમાં ટટાર બેઠેલા એનો સુંદર સપ્રમાણ દેહ જોયો. એ દેહની રૂપાએરેખામાંથી આત્મવિશ્વાસ છલકાતો હતો.

'જુઓ, મિસીસ દેસાઈ!' એણે ગળું ભીંસીને ધમકી આપી. 'તમારાં ઘરેણાં લેવા માટે મારે કશી મહેનત કરવી પડે એમ હું ઈચ્છતો નથી, કારણ કે એમાં તમારું હિત નથી. સમજી ગયા ને? મારી મહેનત એટલે તમારી ઈજા! માટે મહેરબાની કરીને ચૂપચાપ હું કહું તેમ કરો. તમારી કામવાળી ઘેર ગઈ છે. તમારી ઘંટડીનો વાયર મેં કાપી નાખ્યો છે. કોઈ કહેતાં કોઈ તમને બચાવવા આવે એમ નથી.'

**'ખરી વાત છે, ભાઇ', સુશીલાએ ભાવુક બનતાં કહ્યું. 'મારા પતિના અને દીકરીના એક અકસ્માતમાં અવસાન થયાં તે પછી મેં કશાં ઘરેણાં પહેર્યાં નથી. જોયા પણ નથી; કારણ કે એ જ અકસ્માતે મને આંધળી કરી દીધી છે**

સ્ત્રીએ એક આછો નિસાસો નાખ્યો. એણે ખોળામાં રહેલું ગૂંથણકામ ટીપોય પર મૂકયું. એના હાથ ગૂંથણનો સોયો ફંફોસી રહ્યા. એ જરાક બહાવરી બની ગઈ હોય એમ લાગતું હતું. આવનારને એ ગમ્યું. દરેક શિકારીને શિકાર ગાફેલ બને, બહાવરો બને એ ગમે. આક્રમિત માણસ બહાવરું બને એટલે એની પાસેથી કામ કઢાવવાનું સહેલું બની જાય છે.

અહીં તો એ કામ વધુ સહેલું હતું, કારણ કે જે સ્ત્રી સાથે એણે કામ પાડવાનું હતું તે અંધ હતી!

'જુવાન! તું ઘણો ઉસ્તાદ લાગે છે.' એ બોલી.

'જુવાન?' આવનાર જરાક આશ્ચર્યથી બોલ્યો. 'તમને કેમ ખબર પડી કે હું જુવાન છું?'

'તમારા અવાજ પરથી!' સુશીલાએ કહ્યું. 'અને તમારી ઊંચાઈ પાંચ ફૂટ ને સાત આઠ ઈંચ જેટલી છે. અવાજ કઈ સપાટીએથી સંભળાય છે. એને આધારે આ બધું કહી શકાય છે.'

'તમારું નિરીક્ષણ સારું છે, મિસીસ દેસાઈ,' જુવાને ફરી વ્યંગથી હસતાં અને 'નિરીક્ષણ' શબ્દ પર ખાસ ભાર મૂકતા કહ્યું. 'પણ તમારા એ વર્ણનથી તમે કશું સિદ્ધ નહિ કરી શકો. આટલી ઊંચાઈવાળા જુવાનો તો આ શહેરમાં લાખો હશે.'

'બરાબર!' સુશીલાએ ગૂંથણના સોયા સાથે રમત કરતાં કહ્યું. જુવાનને એ ગમ્યું. પોતાના શબ્દોએ સુશીલાને બહાવરી બનાવી મૂકી છે! એ આગળ બોલતી હતી, 'તમે અત્યારે પ્લાસ્ટિકનો રેઈનકોટ પહેર્યો છે. તમારી હિલચાલ સાથે થતા સરસરાટ પરથી હું આ કહી શકું છું. અને... અને તમે જે સિગારેટ પી રહ્યા છો એ તદ્દન હલકા પ્રકારની છે.'

આગંતુકને આ બધી બાલિશ 'ડિટેક્ટીવ' વાતો સાંભળવામાં જરાય રસ નહોતો. એટલે એણે ગુસ્સે થઈને ફરમાવ્યું, 'બાઈ, તમારા આ બધા બકવાસનો કશો અર્થ નથી. મને જલદી તમારો ગળાનો ચેઈન ઉતારી આપો પછી મારે સસ્તી સિગારેટ પીવી નહિ પડે. પછી હું પણ સુખચેનથી ફરીશ. અને તમને તો હવે એ ચેઈનની જરૂર રહેવાની નથી.'

'એમ કાંઈ એક ચેઈન તફડાવવાથી તમને સુખેનની જિંદગી સાંપડવાની નથી.'

'પણ એ ચેઈન વડે બીજાં અઢળક ઘરેણાં મળે એમ છે. માટે જલદી મને આ ચેઈન ઉતારી આપો. ફરી વાર કહું કે આ ચેઈન તમારે માટે ઉપયોગી નથી.'

'ખરી વાત છે, ભાઈ', સુશીલાએ ભાવુક બનતાં કહ્યું. 'મારા પતિના અને દીકરીના એક અકસ્માતમાં અવસાન થયાં તે પછી મેં કશાં ઘરેણાં પહેર્યા નથી. જોયા પણ નથી; કારણ કે એ જ અકસ્માતે મને આંધળી કરી દીધી છે. પરંતુ જે કાંઈ બન્યું છે... આ મારો ચેઈન... એની કશી નાણાકીય કિંમત મારે મન રહી નથી. ભૌતિક મૂલ્ય નથી. પણ આ ચેઈન મારા પતિની યાદગીરી છે. એ યાદગીરી હું કોઈ પણ ભોગે સાચવવા માગું છું. મારા ગળાની આ ચેઈન... તમને તો કયાંથી ખબર હોય... આ ચેઈન એમણે મને અમારા હનીમૂન વેળા નૈનીતાલની મુલાકાત વેળા અપાવેલી. એની સાથે વળી નહેરુ ખાનદાનની યાદગીરી-'

'મિસીસ દેસાઈ!' આગંતુકે આકરી રાડ પાડી. હવે અકળાવાનો વારો એનો હતો. 'તમરે ભલે એની કિંમત ન હોય. મારે મન તો એ જીવનભરનાં સુખચેનની ચાવી ધરાવે છે. જલદી તમારો ચેઈન ઉતારી આપો!'

'ના, ના! આ ચેઈન તો નહિ જ!' સુશીલાએ ગળે હાથ દબાવ્યો.

**(વાચક દોસ્તો! આ પણ સાવ સાવ સાવ અનોખી રહસ્યકથા છે. તમને ગમશે. સાવ નોખી-અનોખા પ્રકારની કથાઓ અહીં રજૂ થાય છે, માટે તો દાયકાઓથી અહીં રજૂ થાય છે. ગત સપ્તાહની રહસ્યકથાનો ઉકેલ એને અંતે અપાઇ ગયો છે.)**